# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. વિદેશ મંત્રાલયના પ્રવક્તા જયસ્વાલે કહ્યુ કે ઈરાનમાં 9 હજાર ભારતીય નાગરિકો છે, અને ભારત સરકારે તેહરાનથી ઘણા ભારતીયોને સલામત સ્થળે ખસેડ્યા છે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 22મો હપ્તો છૂટો કરશે.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે કૃષિમાં, ખાસ કરીને કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓના નેતૃત્વને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે.
4. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ઘરેલુ LPG પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત છે.
5. ઈરાને સંઘર્ષનો અંત લાવવા માટે ત્રણ શરતો મૂકી - અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે અમેરિકા લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MEA – BRIEFING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ તેમની અગાઉની વાટાઘાટોમાં શિપિંગ અને ભારતની ઉર્જા સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે બંને નેતાઓએ છેલ્લા કેટલાક દિવસોમાં ત્રણ વાટાઘાટો કરી છે. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ઈરાનમાં આશરે 9,000 ભારતીય નાગરિકો છે, અને ભારત સરકારે તેહરાનથી ઘણા ભારતીયોને સલામત સ્થળે ખસેડ્યા છે.

MEA-ON-IRAN-RESCUE

શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે સંઘર્ષ શરૂ થયો ત્યારથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખાડી ક્ષેત્રના ઘણા નેતાઓ સાથે વાત કરી છે. આ વાટાઘાટોમાં, શ્રી મોદીએ ઝડપથી શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંવાદ અને રાજદ્વારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બાંગ્લાદેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના શિપમેન્ટ અંગે, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ખાસ કરીને તેના પડોશી દેશોમાં ભારત રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોનો મુખ્ય ઉત્પાદક છે, તેમણે જણાવ્યું હતું કે ભારતને બાંગ્લાદેશ તરફથી ડીઝલના પુરવઠા માટે વિનંતી મળી હતી, જેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

# PM KISAN SAMMAN NIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 22મો હપ્તો છૂટો કરશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદી આશરે 9 કરોડ 32 લાખ ખેડૂતોના બેંક ખાતાઓમાં 18 હજાર 640 કરોડ રૂપિયા લાભાર્થીઓના ખાતામાં સીધા જમા કરશે.

ચૌહાણે કહ્યું કે સરકારે ખેડૂતો માટે AI-આધારિત ડિજિટલ મંચ, ભારત વિસ્તારનો પ્રથમ તબક્કો શરૂ કર્યો છે. આ મંચ ખેડૂતોને કૃષિ મુદ્દાઓ પર વ્યાપક માહિતી પ્રદાન કરશે. આ પહેલ હેઠળ, ખેડૂતોને ફોન કોલ દ્વારા તેમની પોતાની ભાષાઓમાં માહિતી પૂરી પાડવામાં આવશે.

(BYTE : SHIVRAJSINH CHAUHAN )

# LOKH SABHA DISCUSSION

લોકસભાએ 2025-26 માટે 61 અનુદાનને આવરી લેતી પૂરક માંગણીઓના બીજા તબક્કાની ચર્ચા હાથ ધરી છે. સરકારે બે લાખ 81 હજાર કરોડ રૂપિયાથી વધુના વધારાના ખર્ચ માટે મંજૂરી માંગી છે. ચર્ચા શરૂ કરતા, ભાજપના સાંસદ જગદંબિકા પાલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિને કારણે વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ખાતર, ગેસ અને પરિવહન પર અસર પડી છે. તેમણે કહ્યું કે પૂરક માંગ પરિસ્થિતિને સાંભળવામાં મદદ કરશે અને ખેડૂતો માટે વિકાસ કાર્યો અને ખાતર સબસિડીને ટેકો આપશે.

# RAJYA SABHA DISCUSSION

રાજ્યસભામાં ગ્રામીણ વિકાસ મંત્રાલયના કાર્યપદ્ધતિ પર ચર્ચા ફરી શરૂ થઈ છે. ભાજપના ડૉ. સંગીતા બળવંતે કહ્યું કે, ભારતની વાસ્તવિક શક્તિ તેના ગામડાઓમાં રહેલી છે. તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકારે ગામડાઓ અને ગ્રામીણ વિસ્તારોના લોકોને સશક્ત બનાવ્યા છે. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ અને આમ આદમી પાર્ટીના સંત બલબીર સિંહે પણ આ ચર્ચામાં ભાગ લીધો હતો.

# OM BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું છે કે તેમણે હંમેશા ગૃહની કાર્યવાહી ન્યાયી, શિસ્ત, સંતુલન અને નિયમો અનુસાર ચાલે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે. વિપક્ષ દ્વારા તેમને અધ્યક્ષના પદ પરથી દૂર કરવાની માંગણીના પ્રસ્તાવનો જવાબ આપતા શ્રી બિરલાએ કહ્યું કે તેમણે વ્યવસ્થા અને કાર્યક્ષમતા જાળવી રાખીને, બધા સાથે સહયોગ અને સુમેળ જાળવીને પોતાની જવાબદારીઓ પૂર્ણ કરી છે.

શ્રી બિરલાએ કહ્યું કે ચર્ચા દરમિયાન, કેટલાક સભ્યોએ આરોપ લગાવ્યો કે વિપક્ષના નેતાને બોલતા અટકાવવામાં આવી રહ્યા છે અને તેમને બોલવાની પૂરતી તક આપવામાં આવી રહી નથી. તેમણે સ્પષ્ટતા કરી કે ગૃહના નેતા હોય, વિરોધ પક્ષના નેતા હોય કે અન્ય કોઈ સભ્ય હોય, દરેકને નિયમો અને પ્રક્રિયા અનુસાર જ ગૃહમાં બોલવાનો અધિકાર છે.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે કૃષિમાં, ખાસ કરીને કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓના નેતૃત્વને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રપતિએ આજે નવી દિલ્હીમાં કૃષિ-ખાદ્ય પ્રણાલીઓમાં મહિલાઓની ભૂમિકા પર વૈશ્વિક પરિષદ 2026નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે , રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ભારતે મહિલાઓના નેતૃત્વ હેઠળની વિકાસની વ્યૂહરચના અપનાવી છે

(બાઇટ - રાષ્ટ્રપતિ - મહિલા - 29 સે..)

આ પ્રસંગે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે દેશમાં કૃષિમાં મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમાં યોગદાન આપે છે.

# LOK SABHA OIL LPG

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે દેશની ક્રૂડ ઓઇલની સ્થિતિ મજબૂત છે. ઘરેલુ LPG પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત છે અને ઘરેલુ LPG સિલિન્ડરો માટે બુકિંગ-ટુ-ડિલિવરી માટે સ્થાપિત અઢી દિવસના સમયમાં કોઈ ફેરફાર થયો નથી. સરકારની પ્રાથમિકતા 33 કરોડ ઘરો, ખાસ કરીને ગરીબ અને વંચિતોને અવિરત LPG પુરવઠો સુનિશ્ચિત કરવાની છે. શ્રી પુરીએ આજે લોકસભામાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં વિક્ષેપના પ્રતિભાવમાં સરકારના પગલાં અંગે આ માહિતી આપી હતી.

શ્રી પુરીએ જણાવ્યું હતું કે  દેશમાં પેટ્રોલ, ડીઝલ, કેરોસીન અને એવિએશન ટર્બાઇન ઇંધણની કોઈ અછત નથી. રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે, અગાઉ, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે LPG અંગે ઘણી ગભરાટ છે અને રેસ્ટોરેન્ટ વ્યવસાય ચલાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શ્રી પુરી પોતાનું નિવેદન આપી રહ્યા હતા ત્યારે વિપક્ષી પક્ષોના સભ્યોએ ગૃહમાં હોબાળો મચાવતા અધ્યક્ષે ગૃહને સાંજે 5 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

# IRAN – CONDITIONS

ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી સંયુક્ત લશ્કરી કાર્યવાહી તેના ત્રીજા અઠવાડિયામાં પ્રવેશી ગઈ છે. ઈરાને સંઘર્ષનો અંત લાવવા માટે ત્રણ શરતો મૂકી છે: તેના અધિકારોને માન્યતા આપવી, વળતર ચૂકવવું અને ભવિષ્યમાં કોઈપણ આક્રમણથી સુરક્ષાની ગેરંટી.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું છે કે ઈરાન શાંતિ માટે પ્રતિબદ્ધ છે, પરંતુ સંઘર્ષ ત્યારે જ સમાપ્ત થઈ શકે છે જો અમેરિકા અને ઈઝરાયલ તેની માંગણીઓ સ્વીકારે. તેમણે જણાવ્યું હતું કે યુદ્ધ અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓને કારણે શરૂ થયું હતું અને ઈરાનની સુરક્ષા માટે મજબૂત આંતરરાષ્ટ્રીય ખાતરી સાથે જ તેનો અંત આવશે.

આ દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે. અમેરિકાએ આ સંઘર્ષમાં પ્રભુત્વ મેળવ્યું છે. યુદ્ધથી સમગ્ર પ્રદેશમાં વ્યાપક નુકસાન થયું છે અને હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વચ્ચે વૈશ્વિક તેલના ભાવમાં વધારો થયો છે.

# WEATHER

હવામાન વિભાગે આવતીકાલે ગુજરાતમાં ગરમીનું મોજું ફરવાની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી છે. છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ, વિદર્ભ, સિક્કિમ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી છે. પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં આગામી બે દિવસમાં તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે.

# J&K - PAKISTANI DRONES

જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાની ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલ લગભગ બે કિલોગ્રામ હેરોઈન, જેની બજાર કિંમત 12 કરોડ રૂપિયા છે, તે જપ્ત કરવામાં આવ્યું છે. જમ્મુ પોલીસ અને સરહદ સુરક્ષા દળની એક ટીમે ગઈકાલે મોડી રાત્રે બિશ્નાહ વિસ્તારના બહાદુરપુરા ગામના એક ખેતરમાંથી આ હેરોઈન જપ્ત કર્યું હતું.

# TENSIONS IN WEST ASIA

ઇરાકના બસરા નજીક પર્સિયન ગલ્ફમાં એક વાણિજ્યિક જહાજ પર ઇરાનના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધી ગયો છે. માર્શલ આઇલેન્ડના ધ્વજ હેઠળ મુસાફરી કરી રહેલા અમેરિકન માલિકીના ક્રૂડ ઓઇલ ટેન્કર, સેફસી વિષ્ણુ પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં એક ભારતીય ક્રૂ સભ્યનું મોત થયું હતું. ઇરાકમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે બાકીના 15 ભારતીય ક્રૂ સભ્યોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. દૂતાવાસે ઉમેર્યું હતું કે તે ઇરાકી અધિકારીઓ અને બચાવાયેલા ખલાસીઓ સાથે સતત સંપર્કમાં છે અને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

# MINISTRY OF FOREIGN AFFAIRS, GENEVA

વિદેશ મંત્રાલયના સચિવ સિબી જ્યોર્જે જણાવ્યું હતું કે આતંકવાદ માનવ અધિકારો માટે સૌથી ગંભીર ખતરાઓમાંથી એક છે. શ્રી જ્યોર્જ જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદના 61મા સત્રમાં નિવેદન આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે વિશ્વએ તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવાના તેના સંકલ્પમાં અડગ રહેવું જોઈએ અને આ મુદ્દા પર એક અવાજે બોલવું જોઈએ. AI અને ડિજિટલ સાધનોથી નાગરિકોને સશક્ત બનાવવાના દેશના પ્રયાસોનો ઉલ્લેખ કરતા, શ્રી જ્યોર્જે કહ્યું કે ભારત બધા માટે આ અધિકારોની મંજૂરીને વિસ્તૃત કરવા માટે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરી રહ્યું છે.

# JAISHANKAR - FOREIGN MINISTER OF INDONESIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે તેમના ઇન્ડોનેશિયન સમકક્ષ, વિદેશ મંત્રી સુગિઓનો સાથે પશ્ચિમ એશિયા સંકટ પર વાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે તેમના સમકક્ષ સાથેની ચર્ચાઓને ફળદાયી ગણાવી. તેમણે કહ્યું કે બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી અને ટૂંક સમયમાં સંયુક્ત કમિશનની બેઠક યોજવા સંમત થયા.

# GOYAL-RAHUL GANDHI

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર સંસદના નિયમો અને પરંપરાઓનું ઉલ્લંઘન કર્યું છે. સંસદ સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે અધ્યક્ષ તેમને LPGની અછતના મુદ્દા પર બોલવાની તક આપી હતી, પરંતુ રાહુલ ગાંધીએ નિયમોનો અનાદર કર્યો અને પાયાવિહોણા મુદ્દાઓ ઉઠાવવાનો પ્રયાસ કર્યો. શ્રી ગોયલે જણાવ્યું હતું કે વિપક્ષના નેતાનું આવું વર્તન કાર્યવાહીમાં વિક્ષેપ પાડે છે.

# CONSUMER PRICE INDEX – FEBRUARY

વાર્ષિક ધોરણે જાન્યુઆરીની સરખામણીમાં ફેબ્રુઆરીમાં ભારતનો છૂટક ફુગાવો વધીને 3.21 ટકા થયો. 2024 ના આધાર વર્ષ સાથેની નવી શ્રેણી હેઠળ, જાન્યુઆરીનો આંકડો ઘટીને 2.74 ટકા થયો હતો. ફેબ્રુઆરીમાં વધારો થયો હોવા છતાં, ફુગાવો ભારતીય રિઝર્વ બેંકના લક્ષ્ય શ્રેણીથી નીચે રહ્યો છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો વધીને 3.37 ટકા થયો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં પણ તે વધીને 3.02 ટકા થયો છે. અખિલ ભારતીય ગ્રાહક ખાદ્ય ભાવ સૂચકાંક પર આધારિત ખાદ્ય ફુગાવો ફેબ્રુઆરીમાં 2.13 ટકાથી વધીને 3.47 ટકા થયો છે.

# INDIA TANKER – HORMUZ

ક્રૂડ ઓઇલ વહન કરતું એક ઓઇલ ટેન્કર ગઈકાલે હોર્મુઝની વ્યૂહાત્મક સ્ટેટમાંથી સુરક્ષિત રીતે પસાર થયા પછી મુંબઈ પહોંચ્યું છે. ઈરાન પર તાજેતરના અમેરિકા-ઇઝરાયલ હુમલાઓ પછી દરિયાઈ ટ્રાફિક ધીમો પડી ગયો હતો, જેના કારણે આ જહાજ ભારત જતું પહેલું જહાજ છે જે જળમાર્ગ પરથી પસાર થયું છે. આ જહાજ 1 લાખ 35 હજાર મેટ્રિક ટનથી વધુ ક્રૂડ ઓઇલ વહન કરી રહ્યું છે.